(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા મોડાસા વિધાનસભા ક્ષેત્રમાં જનકલ્યાણ પર્વની ઉજવણી મહાસંપર્ક અભિયાનનું લોન્ચીંગ અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના વિવિધ મોરચા અને સેલના હોદ્દેદારો આ અભિયાનમાં હાજર રહ્યા હતા. અરવલ્લી જિલ્લાના તમામ ૯૩૦ શિતકેન્દ્રોને આવરી લેતી જનકલ્યાણ ઉજવણી અને મહાસંપર્ક અભિયાન લોન્ચીંગ મંગળવારના રોજ મોડાસા શહેરના ચાર રસ્તા નજીક આવેલા મોડાસા ટાઉનહોલમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોડાસા અને ધનસુરા વિધાનસભા ક્ષેત્રના કાર્યકરોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. તબક્કાવાર જિલ્લાના મોડાસા પછી બાયડ અને મેઘરજ વિધાનસભા ક્ષેત્રોમાં પણ આવા મહાસંપર્ક અભિયાન લોન્ચીંગ કાર્યક્રમનો પ્રારંભ ધરાવતો ઉત્તર ઝોનના ૧૦ જિલ્લાના મહાસંપર્ક અભિયાનના પ્રભારીએ જણાવ્યું હતું કે દરેક કાર્યકરે પોતાના બુથ પર જયાં જેને જવાબદારી સોંપાઈ હોય ત્યાં પહોંચીને લોકસંપર્ક કરીને મીસકોલ દ્વારા મહાસંપર્ક કરવા અરવલ્લી ભારતીય જનતા પાર્ટીના સદસ્યોને હિમાયત કરી હતી. આ ઉજવણી અભિયાનમાં અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ ભરતસિંહ રહેવર, સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મુખ્યમંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ભાજપા ઉપપ્રમુખ ગુણવંતભાઈ ત્રિવેદી, જિલ્લા મહામંત્રી ધીરેન પ્રજાપતિ, રાજુભાઈ પટેલ, તાલુકા ભાજપા પ્રમુખ શિવસિંહ ભેમાવત સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

સોનગઢ સોનાસણામાં ઈચ્છા ધારી હનુમાન દાદાની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનગઢ-સોનાસણ ગામના ગોદરે નિર્માણ પામેલ ઈચ્છા ધારી હનુમાન દાદાના મંદિરનો તેમજ હનુમાન દાદાની મૂર્તિ સહિતનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ગીરનાર જૂના અખાડાના વયોવૃદ્ધ સંત ચંદ્રમાગીરી મહારાજના સાંનિદ્યમાં ભવ્ય રીતે ઉજવાયો હતો. સમસ્ત સોનગઢ ગ્રામજનો દ્વારા ઉજવાયેલ આ મહોત્સવમાં ત્રિદિવસીય જુદા જુદા ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન ગોઠવવામાં આવ્યું હતું. અને હજારો લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

અરવલ્લી જિલ્લામાં રાજકીય ગરમાવો

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકોનું જાહેરનામુ પ્રસિદ્ધ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાનું સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજન કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લી જિલ્લા પંચાયતની બેઠકોમાં ૮નો વધારો થવાથી બેઠકોનો આંકડો ૩૦ થયો છે. જ્યારે તાલુકા પંચાયતની બેટકોમાં વધારો થવાથી ૧૨૮ થઈ છે. જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

અરવલ્લી જિલ્લામાં સૌપ્રથમવાર જિલ્લા પંચાયતની ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે અરવલ્લી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકોમાં ગત ચૂંટણી કરતા નવા સીમાંકન પ્રમાણે ધરખમ ફેરફારો થયા છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત લડવા માગતા ઉમેદવારોએ પોતાની બેઠકોમાં ફેરફાર થતાં અત્યારથી જ સોગઠાબાજી ગોઠવવામાં વ્યસ્ત બની ગયા છે. જ્યારે મહિલાઓની ૫૦ ટકા અનામતને ધ્યાનમાં રાખી ચૂંટણી વિભાગે જાહેરનામુ પ્રસિદ્ધ કરતાં મહિલાઓ પણ ચૂંટણીના જંગમાં જંપલાવવા કવાયત હાથ ધરી દીધી છે.

સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લાનું નિર્માણ થયા બાદ જિલ્લાની કુલ ૯૩૮૧૯૦ વસતીને ૩૦ બેઠકોમાં વહેંચવામાં આવી છે. જેમાં અગાઉ ૨૨ બેઠકો હતી તેમાં ૮ બેઠકોનો વધારો થયો છે. જેમાં બાયડ-ભિલોડા તાલુકામાં ૨-૨ બેઠકો વધી છે. જ્યારે માલપુર, મોડાસા, મેઘરજ અને ધનસુરામાં એક-એક બેઠકનો વધારો થયો છે. જિલ્લા પંચાયતની કુલ ૩૦ બેઠકોમાં અનુ. જાતિ સ્ત્રી-૧ અને સામાન્ય-૧ મળી મહિલાઓની બે બેઠકો ફાળવવામાં આવી છે. જ્યારે અનુ. આદિજાતી માટે સ્ત્રી-૩ અને સામાન્ય-૪ બેઠકો ફળવાઈ છે. બક્ષીપંચના ફાળે સ્ત્રી-૨ અને સામાન્ય-૧ બેઠક ગઈ છે. જ્યારે સામાન્ય સ્ત્રી-૯ અને બીન અનામત ૯ બેઠકોની ચૂંટણી પંચે ફાળવણી કરી છે. જિલ્લા પંચાયતમાં ૮ બેઠકો વધતા અનેક બેઠકોમાં ફેરફાર થયો છે. કેટલાય વિસ્તાર નવા સીમાંકન પ્રમાણે જુની જિલ્લા પંચાયતની બેઠકમાંથી કપાઈને હાલની નવી જાહેર થયેલી બેઠકોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૫૦ ટકા મહિલા અનામતથી વર્ષોથી રાજકારણમાં સત્તા મેળવવા અને વિજેતા બનવા માટે મહેનત કરી રહેલા પુરૂષો માટે નિરાશા હાથ લાગી છે. જ્યારે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઝંપલાવવા માંગતા ઉમેદવારોએ આજથી જ નવા સીમાંકન પ્રમાણેના વિસ્તારોની મુલાકાત લેવાની શરૂ કરી દીધી છે.

અરવલ્લી જિલ્લા પંચાયત બેઠકોની ફાળવણી

મેઢાસણ	અનુ. જાતિ	સ્ત્રી
ટીંટોઈ	અનુ. જાતિ	
ઓડ	અનુ. આદિજાતિ	સ્ત્રી
પંચાલ	અનુ. આદિજાતી	સ્ત્રી
કુડોલ પાલ	અનુ. આદિજાતી	સ્ત્રી
મોટા કંથારીયા	અનુ. આદિજાતિ	સ્ત્રી
જેસીંગપુર	અનુ આદિજાતિ	
કિશનગઢ	અનુ. આદિજાતિ	
શણગાલ	અનુ. આદિજાતિ	
આકરૂન્દ	સા.શૈ.પછાત વર્ગ	સ્ત્રી
બાંઠીવાડા	સા.શૈ.પછાત વર્ગ	સ્ત્રી
બેલ્યો	સા.શૈ. પછાત વર્ગ	
ભિલોડા-૩	સામાન્ય	સ્ત્રી
બુટાલ	સામાન્ય	સ્ત્રી
ચોઈલા	સામાન્ય	સ્ત્રી
ડેમાઈ	સામાન્ય	સ્ત્રી
ધનસુરા	સામાન્ય	સ્ત્રી
ગાબટ	સામાન્ય	સ્ત્રી
હેલોદર	સામાન્ય	સ્ત્રી
ઈન્દ્રાણ	સામાન્ય	સ્ત્રી
ઠઉ	સામાન્ય	સ્ત્રી
લીંભોઈ	બીન અનામત	સામાન્ય
માલપુર	બીન અનામત	સામાન્ય
મેઘરજ	બીન અનામત	સામાન્ય
નોંદોજ	બીન અનામત	સામાન્ય
રડોદરા	બીન અનામત	સામાન્ય
સાયરા	બીન અનામત	સામાન્ય
ઉભરાણ	બીન અનામત	સામાન્ય
ઉટરંડા	બીન અનામત	સામાન્ય
વડાગામ	બીન અનામત	સામાન્ય

ઊંઝામાં ગુનાઓનો ગ્રાફ વધ્યો : ગુનાઓના ભેદ ઉકેલવા પોલીસ તંત્ર નિષ્ફળ

ઊંઝા, તા.૨૭

ઊંઝા વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી લૂંટ, ઘરફોડ અને વાહન ચોરી જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે. તસ્કરોને જાણે પોલીસનો કોઈ ડર કે ભય ન હોય તેમ દિનપ્રતિદિન વિવિધ ચોરીઓના કિસ્સાઓ બની રહ્યા હોઈ આમ જનતામાં ભયની લાગણી પ્રસરી છે. હાલ આ વિસ્તારમાં પોલિસ પેટ્રોલિંગના દાવા વચ્ચે રોજિંદા ચોરીઓના ગુના બનતા હોઈ પોલીસ તંત્ર જેવું કશું જ ન હોય તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે. આ વિસ્તારમાં મિલકત વિરૂધ્ધના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ નોંધાયેલ આવા ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસ તંત્ર સાવ નિષ્ફળ નિવડયું છે. જેથી સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

ઊંઝા નજીકના ઉનાવા ગામે હાઈવે પર આવેલ ગુરૂદેવ કલીનીંગ ફેકટરીના ગોડાઉન આગળ કન્ટેઈનરો ભરેલા ચાર ટ્રક ટ્રેઈલરો થોભેલ હતા ત્યારે રાતના સમયે આ ચારેય ટ્રક ટ્રેઈલરોની ડીઝલ ટાંકીઓમાંથી કોઈ તસ્કરો રૂપિયા ૫૪,૮૫૦ની કિંમતની મત્તાની ૧૦૦૦ લીટર ડીઝલની ચોરી કરી હતી. આ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. જયારે બીજા કિસ્સામાં ઊંઝા ખાતે હાઈવે પર આવેલ નેશનલ પ્લાયવુડ આગળ પાર્ક કરેલ જીજે-૨ એ.ઈ. ૩૧૭૭ હિરો હોન્ડા પેશન કિંમત ૨૦,૦૦૦ની ધોળા દિવસે કોઈ તસ્કરો ઉઠાંતરી કરીને કયાંક પલાયન થઈ ગયા હતા. આ અંગે વિકમભાઈ જોઈતારામ પટેલ રહે. વરવાડાની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે વાહનચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

બુટાલ ગામે કારખાનામાં યુવાને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર

ધનસુરા, તા. ૨૭

ધનસુરાના બુટાલ ગામે આવેલ એક કારખાનામાં શ્રમીક યુવાને અગમ્ય કારણોસર કોટડીમાં દોરડા વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.

ધનસુરા નજીક બુટાલ ગામે લાભ ઈન્ડસ્ટ્રીઝ નામનું કશર બનાવતુ એક કારખાનુ આવેલ છે. જ્યાં છેલ્લા ઘણા સમયથી દોલપુર ગામનો શ્રમીક યુવાન તુલસીભાઈ રમણભાઈ સોલંકી ઉં.વ. ૩૨ મજુરીકામ કરતો હતો. ગતરોજ યુવાને કારખાના રીષેશ દરમ્યાન કારખાનાની ઓરડીમાં જઈ અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. યુવાનની આત્મહત્યા મામલે અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. આ આત્મહત્યા મામલે ધનસુરા પોલીસે ગુનો નોંધી આત્મહત્યા પાછળનું સાચુ કારણ શોધવા તજવીજ હાથ ધરી છે.

રક્તદાન મહાદાન

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે ભારત સરકાર યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત નહેરુ યવા કેન્દ્ર હિંમતનગર દ્વારા પુર્નજાગરણ અભિયાન યાત્રા શુભારંભ સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગામના યુવાનો, મહિલાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. પ્રાંતિજના મજરા ગામે તા. ૨૭-૫-૨૦૧૫ ને બુધવારના રોજ ભૈરવનાથ વિદ્યામંદિર સંકુલમાં નહેરુ યુવા કેન્દ્ર પુર્નજાગરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રાન્ત ચૌધરી, તાલુકા પ્રમુખ કાળુસિંહ ચૌહાણ, પૂર્વકૃષિ મંત્રી ગોવિંદભાઈ પટેલ, મહિલા સરપંચ નીતાબેન પટેલ, અનિતા ભારતીય વગેરે ઉપસ્થિત રહ્યા હતા જેમાં કાર્યક્રમ દરમિયાન યુવાનોને, મહિલાઓને તથા ગામમાંથી આવેલ ગ્રામજનોને સ્વચ્છતા, શૌચાલયો, કન્યાભ્રૂણ, બેટી બચાવો, વૃક્ષો બચાવો, પર્યાવરણ બચાવો વગેરેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જયારે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ યુવાનો દ્વારા ગામમાં ચાલતી વ્યસન પ્રવૃત્તિઓને ડામવા પ્રયત્નો અને પ્રયાસ દ્વારા સંપૂર્ણપણે ડામવા આગ્રહ કરવામાં આવ્યો હતો.

આજે બનાસકાંઠા ભાજપ દ્વારા જનકલ્યાણ પર્વ સપ્તાહ ઉજવાશે

કેન્દ્રમાં ભાજપની સરકારને એક વર્ષ પૂર્ણ થતા ભારતીય જનતા પાર્ટી દ્વારા જન કલ્યાણ પર્વ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે આવતીકાલ તા. ૨૮મી મે ૨૦૧૫ને ગુરૂવારે બપોરે ૩.૩૦ કલાકે કનુભાઈ મહેતા હોલ વિદ્યામંદિર પ્રાંગણ જેલ રોડ પાલનપુર ખાતે કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરી, ખાસ હાજરી આપશે. ઉપરાંત કાર્યક્રમમાં સમાજના વિવિધ બૌધિકો, ભાજપના અગ્રણીઓ વેપારીઓ અને પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહેશે.

શબ્દાવલી - ૫૭૪૩



આડી ચાવી

૧. ગૃહકાર્ય (૪)
૪. બીક, ડર (૩)
૭. રટ, લગની (૩)
૮. પરંતુ (૨)
૯. મોટેથી સંબોધન, આહ્વાન (૪)
૧૦. પ્લેટ, તાસક (૩)
૧૧. દુર્ગંધ (૨)
૧૨. બાળક જેવું નાદાન હઠીલું(૫)
૧૬. એક રૂપિયાનો પચ્ચીસ પૈસા એટલે... રૂપિયો કહેવાય (૨)
૧૭. અઘરું, મુશ્કેલ (૩)
૧૮. અસલ, મુળ દા.ત. ભાષા (૪)

ઊભી ચાવી

૧. વૃદ્ધાવસ્થા, વૃદ્ધત્વ (૪)
૨. મહાકાલી, એક દેવી (૩)
૩. એક જળચર હિંસ્રક (૩)
૫. ચણાના લોટનું એક રસાદાર શાક (૩)
૬. પટેલ, એ જ્ઞાતિનો માણસ (૩)
૧૦. તરબતર, રસથી તરથયેલ (૬)
૧૧. સુંદર, ડાબું, પ્રતિકૂળ (૨)
૧૨. છાલક (૨)
૧૩. ગભરામણ, રઘવાટ (૩)
૧૪. સાતફેરા, લગ્નપ્રસંગે બોલાતો યંત્ર (૪)
૧૫. ભવિષ્ય (૨)
૧૬. સોગન, કસમ (૨)

શબ્દાવલી ૫૭૪૨ના જવાબ

આડી ચાવી :- (૧) જોમ (૩) બાવરચી (૬) ડીમલાઇટ (૮) લપ (૧૦) તલાક (૧૧) સાઝલી (૧૩) આવડત (૧૪) રસ (૧૬) જરા (૧૭) તમસ (૧૮) મન (૨૧) સૂઝ (૨૨) મદાર (૨૩) કણકી (૨૪) ઇકરાર

ઊભી ચાવી :- (૧) જોડી (૨) મમત (૩) બાઇક (૪) વટ (૫) ચીલઝડપ (૭) લાલાશ (૯) પલીત (૧૧) સાવ (૧૨) શરતચૂક (૧૩) આરામદાઇ (૧૫) સમઝણ (૧૯) નરક (૨૦) પાવર

કંપની સમાચાર

કેઝી મંત્રા 'મેક ઈન ઈન્ડિયા' વિઝનનો પ્રચાર કરશે

બજારની ગળાકાપ સ્પર્ધામાં કોઈ પણ ઉત્પાદન અથવા સેવા માત્ર શ્રેષ્ઠતા મારફત જ બજાર પર વિજય મેળવી શકાશે. નબળા ઉત્પાદનો અથવા સેવા વહેલા-મોડા બજારમાંથી દૂર થઈ જાય છે તેથી શ્રેષ્ઠતાને પ્રોત્સાહન મળવું જરુરી છે. તેને લઈને 'મેક ઈન ઈન્ડિયા' ને પ્રોત્સાહન આપવના હેતુ સાથે કંપની ટેકસટાઈલ, એન્જિનિયરીંગ અને ફાર્માસ્યુટિકલ્સ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ઉદાહરણરૂપ દેખાવ કરનારાઓનું સન્માન કરવા માટે જૂન મહિનામાં 'મેક ઈન ઈન્ડિયા એવોર્ડસ ફોર એકસલન્સ'નું આયોજન કરશે. આ પહેલ ઉપરાંત કંપની મહિલા સશકિતકરણ, પર્યાવરણ અને વૃદ્ધોની સારવાર સહિતના ક્ષેત્રોમાં કામ કરનાર સ્વયંસેવી સંસ્થાઓ વ્યકિતઓના યોગદાનને પ્રમાણિત કરશે : તેની ઉમદા પહેલ માટે કંપનીને ગુજરાત, કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને અગ્રણી પ્રતિષ્ઠિતો તરફથી સહયોગનો પત્ર મળ્યો છે.

આ પ્રસંગે કેઝી મંત્રા આઈ ટી પ્રા.લિ.ના ચેરમેન વિક્રમ પ્રતાપસિંહે જણાવ્યું હતું કે અમે 'મેક ઈન ઈન્ડિયા' પહેલા મારફત ઉદ્યોગો અને વ્યકિતઓને તેમની વાસ્તવિક ક્ષમતાથી માહિતગાર કરવા માંગીએ છીએ અને રાષ્ટ્રના સામાજિક-આર્થિક વિકાસમાં અમારું નજીવું યોગદાન આપવા માગીએ છીએ. આ એવોર્ડ આ પહેલનું માનનીય વડાપ્રધાનના વિઝનને ટેકો આપવાનું એક પાસુ છે. આ બેનર હેઠળ અમે ટેકસ તંત્ર, જટીલતાઓ, પ્રદૂષણના નિયમો, ટેન્ડર્સની મહિતી અને ઉદ્યોગલક્ષી પ્રદર્શનો સહિતના ઉદ્યોગના મહત્વના પાસાઓ અંગેની માહિતી કંપનીઓ અને વ્યકિતઓને પુરી પાડીશું.

'જેટપેચર' વડે રસ્તાના ખાડા અને રોડ રિપેરનો સરળ અને ઝડપી ઉપાય

ગુજરાતમાં સૌ પ્રથમવાર રસ્તાઓના ખાડા નિવારવાના ઉપાય રજૂ કરતી અંજની રોડ પેચર્સ

અંજની રોડ પેચર્સ ગુજરાતમાં સૌ પ્રથમવાર 'જેટપેચર' સ્વરૂપે રસ્તા પરના ખાડાઓ માટે સરળ અને ઝડપી ઉપાય રજૂ કરી રહી છે. કંપનીએ આજે રાજકોટના ખાડા ધરાવતા રસ્તાઓ માટે કસ્ટમાઈઝ કોલ્ડ મિક્સ પેચીંગ સિસ્ટમ રજૂ કરી છે. શહેરની એક જાણીતી હોટલ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં અંજની રોડ પેચર્સ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ આ અંગે જાણકારી આપી હતી.

'જેટપેચર' અંગે વધુ વિગત આપતાં અંજની રોડ પેચર્સના ડેઝિગ્નેટેડ પાર્ટનર, શ્રી કમલેશ બેલાનીએ જણાવ્યું હતું કે 'ગુજરાતના રોડની પરિસ્થિતિ જોતાં રસ્તા પરના ખાડાઓ ડ્રાઈવરો માટે ખરાબ સ્વપ્ન સમાન બની ગયા છે. અંજની રોડ પેચર્સ દ્વારા ન્યુઝિલેન્ડથી રોડ પેચર મશીન પ્રાપ્ત કરવામાં આવ્યું છે. આ મશીન સંપૂર્ણપણે ઓટોમેટિક છે અન તેની કોલ્ડ મિક્સ ટેકનોલોજી વડે તે થોડીક જ મિનિટોમાં ખાડાઓ દૂર કરી દે છે. હાલમાં જ્યારે ચોમાસુ નજીકમાં છે ત્યારે જેટપેચર ખાડાઓની સમસ્યા દૂર કરીને શહેરના નાગરિકોને વાહન ચલાવવાનો સરળ અનુભવ પૂરો પાડશે.'

શ્રી કમલેશ બેલાનીએ જેટપેચર અંગે વધુમાં જણાવ્યું હતું કે 'જેટપેચર ખાડાઓ સાફ કરવાથી માંડીને તેને સૂકવીને આખરે તેમાં થોડીક જ મિનિટોમાં મિક્ચર ભરી દે છે. આ મશીન રોડમાં પડેલા મોટા અને ઊંડા ખાડાઓ ખુબ ઓછા માનવબળના ઉપયોગ વડે દૂર કરે છે.'

લાઈવ કોન્સર્ટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ડાલો... 'જેવું દેશભક્તિનું ગીત આપનાર બોલીવુડના સુપ્રસિધ્ધ સંગીતકારો શંકર-અહેસાન-લૉયની લાઈવ કોન્સર્ટ તારીખ ૩૧મી મે ને રવિવારના રોજ ગાંધીનગરમાં યોજાશે. 'મિશન કાશ્મિર', 'દિલ ચાહતા હૈ', 'કલ હો ના હો', 'બંટી ઔર બબલી', 'ડોન - ૧-૨', 'વેક અપ સિદ', 'ઝિંદગી ના મિલેગી દોબારા', 'ભાગ મિલ્ખા ભાગ' અને 'ટુ સ્ટેટ્સ' જેવી ફિલ્મોના લોકપ્રિય સંગીતકારો શંકર મહાદેવન, અહેસાન નૂરાની અને લૉય મેન્ડોન્સા પોતાના કાફલા સાથે ગાંધીનગરના નાગરિકો સમક્ષ લાઈવ પરફોર્મ કરવા ગાંધીનગર આવી રહ્યા છે. બોલીવુડના સંગીતકાર પોતાના બેન્ડ સાથે ગાંધીનગરમાં લાઈવ કોન્સર્ટ લઈને આવી રહ્યા હોય તેવો આ પહેલો પ્રસંગ છે.

'ગાંધીનગર કલ્ચરલ ફોરમ'ના સભ્યો માટે જ યોજાઈ રહેલો ગ્રીષ્મોત્સવ આ વર્ષે વિશેષ યાદગાર બની રહેશે. ૨૧મા વર્ષના શુભારંભે ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યોને 'સ્માર્ટ મેમ્બરશીપ કાર્ડ' આપવામાં આવી રહ્યા છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો તરફથી આ નવી વ્યવસ્થાને ઉમળકાભર્યો આવકાર મળ્યો છે.

ખાતમુહૂર્ત કાર્યક્રમ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મનુભાઈ પટેલ, કોર્પોરેટરશ્રીઓ તથા ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી નીતિનભાઈ પટેલ, ગુડાના ચેરમેનશ્રી આશિષકુમાર દવે, મ્યુનિસિપલ કમિશનરશ્રી જી.આર. ચૌધરી, ડે. મ્યુનિસિપલ કમિશનરશ્રી અને જેડાના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ ભાવસાર તથા નિયામકશ્રી જે.ટી. અખાણી સહિતના અધિકારીઓ, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાર્થના, દીપ પ્રાગટ્ય અને સ્વાગત વિધિ સાથે મિથેન ગેસ પ્લાન્ટનાં ખાતમુહૂર્ત અને ચેક વિતરણના કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે મેયરશ્રી હંસાબેન મોદીએ પાણી બચાવવાની અપીલ કરતાં પાણીનો દુરપયોગ અટકાવવા પર ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આપણે પાણી બચાવીશું તો ભાવી પેઢી-સૃષ્ટિને બચાવી શકીશું. આ માટે તેમણે વર્કશોપ તથા સેમિનાર સહિતના કાર્યક્રમો યોજવા જણાવ્યું હતું. ઉપસ્થિત તમામ હોદ્દેદારો, અધિકારીઓ, નગરસેવકો તથા આમંત્રિતોને આવકારી તેમને મિથેન ગેસ પ્લાન્ટનાં પ્રોજેક્ટ માટે જેડાનો આભાર વ્યક્ત કરી કોર્પોરેશનની કામગીરીને બિરદાવી હતી. દરમ્યાન મ્યુનિસિપલ કમિશનરશ્રી જી.આર. ચૌધરીએ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ વિભિન્ન વિકાસલક્ષી કામગીરીની રજૂઆત કરી હતી. ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવી ગાર્ડન સીટી તરીકે વિકસાવવા હેતુ નવી નર્સરીઓનાં નિર્માણ, પશુઓ માટેની હોસ્પિટલ, પાયરોલીસીસ પ્લાન્ટ તથા સ્વાસ્થ્ય માટે હાનીકારક તત્વોને દૂર કરવા સહિતની બાબતો માટે ચાલતી તૈયારીઓ અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા વ્યક્તવ્ય અપાયું હતું. આ હેતુ તેમણે લોકોને પોતાના મંતવ્યો કોર્પોરેશનની વેબસાઈટ તથા પોર્ટલ પર મુકવા અપીલ કરી હતી.

દરમ્યાન આ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત હોદ્દેદારો દ્વારા ઉચ્ચક નાણાકીય સહાય અન્વયે સ્વર્ગસ્થ ૯ કર્મચારીઓના વારસદારોને રૂપીયા ૩૯ લાખના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ હોદ્દેદારોશ્રીઓ તથા અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં મેયરશ્રી હંસાબેન મોદીનાં હસ્તે મિથેન ગેસ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ ભાવસારે પોતાનું વ્યક્તવ્ય આપતા જણાવ્યું હતું કે હાલ બદલાયેલ ઋતુચક્ર અને પ્રદુષણ આપણી માટે પડકારરૂપ છે જો કે આ સમસ્યાનો પ્રચંડ શક્તિથી જવાબ આપવો જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું. જેડા દ્વારા ઉત્પન્ન કરાતી ઉર્જા અંગે માહિતી આપતા તેમણે કોલસા, ખનીજ તેલનાં વિકલ્પ અંગે ધ્યાન આપવા જણાવ્યું હતું. વિવિધ કચેરીઓમાં સોલાર રૂફટોપ, એલઈડી લાઈટ વગેરે દ્વારા ઉર્જા બચાવવા અને ઉર્જા મેળવવા પર તેમણે માહિતી આપી હતી. દરમ્યાન ગુડાના ચેરમેનશ્રી આશિષકુમાર દવેએ ઉપસ્થિતોને શુભેચ્છા પાઠવી બાયોગેસ પ્લાન્ટની કામગીરીને બિરદાવી હતી. તથા સ્વર્ગસ્થ કર્મચારીઓના વારસદારોને ચેકની આર્થિક રકમ ઉપયોગી થાય એવી કામના વ્યક્ત કરી હતી.

સરકારી દવાખાના

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ માટે અર્બન સેન્ટરના સબસેન્ટરો માટે જગ્યા ફાળવણી કરવાની થશે. હાલ ગાંધીનગરમાં જમીન ઉપલબ્ધિ ઓછી છે એવા સંજોગોમાં આ દવાખાનાઓ બંધ કરી અને સબ સેન્ટર તરીકે ડેવલપ કરવા માટે કોર્પોરેશનને ફાળવવામાં આવે તેવી શકયતાઓ છે.

શહેરમાં હવે આરોગ્યની સેવાઓ ટુંક સમયમાં જ સરકાર કોર્પોરેશન હસ્તક મુકી દેશે. સરકાર દ્વારા આ દિશામાં પણ વિચારણા ચાલી રહી છે અને આગામી એક માસમાં આખું ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યું છે.

જાહેર ખબર

ગાંધીનગર જિલ્લામાં આળેલ સચિવાલય સહિતની રાજ્ય સરકારની (મુદ્રણાલય નિયામક, સરકારી છાપકામ અને સ્ટેશનરી તથા તેમના તાબાની કચેરીઓ સિવાય) તમામ કચેરીઓમાંથી નીકળતી અ, બ અને ક વર્ગની પસ્તી વર્ષ ૨૦૧૬ના વર્ષની ઉપાડવા માટે (તા. ૧/૬/૨૦૧૫ થી તા. ૩૧/૫/૨૦૧૬ સુધીના સમયગાળા માટેનો) કોન્ટ્રાક્ટ આપવાનો થતો હોઈ આ ઈજારો રાખવા ઈચ્છા ધરાવતા ઈશમો તરફથી સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી.થી અથવા રૂબરૂ ટેન્ડરો મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ તથા ટેન્ડરની શરતો રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) '૦૦૭૫' પરચુરણ સામાન્ય સેવાઓ' એ સદરે સરકારી તિજોરીમાં જમા કરાવી ચલણ અત્રેની કચેરીમાં રજૂ કર્યેથી જાહેરાતની તારીખથી કામકાજના દિવસો દરમિયાન તા. ૬/૬/૨૦૧૫ સુધીમાં ૫-૦૦ કલાક સુધી મળી શકશે.

ખરીદ કિંમત દર્શાવતું ઠરાવેલ નમુનાનું તમામ જરૂરી વિગતો ભરી સહી કરેલ ટેન્ડર ફોર્મ (ભાવપત્રક) રૂ. ૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) અર્નેસ્ટમની તરીકે દરેક શ્રેણીવાર અલગ અલગ ડીપોઝીટ '૮૪૪૩ સીવીલ ડીપોઝીટ રેવન્યુ ડીપોઝીટ' સદરે જમા કરાવી અસલ ચલણ સાથે સીલબંધ કવરના મથાળે લાલશાહીથી 'રદ્દી કાગળના ભાવ પત્રક' એમ મોટા અક્ષરે લખી અત્રેની કચેરીને કામકાજના દિવસો દરમિયાન મોડામાં મોડા તા. ૧૨/૬/૨૦૧૫ના રોજ ૫-૦૦ કલાક સુધીમાં ચીટનીશ ટુ કલેક્ટર, કલેક્ટર કચેરી, ગાંધીનગરને રજી.પો.એ.ડી.થી અથવા રૂબરૂમાં મળે તે રીતે રજૂ કરવાના રહેશે. મળેલ તમામ ટેન્ડર ફોર્મના સીલબંધ કવરો તા. ૧૬/૬/૨૦૧૫ના રોજ ૪-૦૦ કલાકે નિવાસી અધિક કલેક્ટરશ્રી તથા અન્ય અધિકારીશ્રીઓની રૂબરૂ તેમજ હાજર રહેલ હિત સંબંધ ધરાવતા ઈસમોની હાજરીમાં ખોલવામાં આવશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

તારીખ : ૨૭-૫-૨૦૧૫
સ્થળ : ગાંધીનગર

રવાના કરવા પ્રમાણિત કર્યું
સહી/-
ચીટનીશ ટુ કલેક